## આજથી ડૉ. શહેઝાદ કાઝીની નગરમાં કેરિયર એકેડેમીનો પ્રારંભ

ગાંધીનગરમાં સે-૨૧ના વિશ્વકર્મા શોપીંગ સેન્ટરમાં તા. ૧૦મી ઓગષ્ટ સોમવારથી ડૉ. શહેઝાદ કાઝી દ્વારા ક્રિશ્ના કેરિયર એકેડેમીનો પ્રારંભ કરાઈ રહ્યો છે. એકેડેમીમાં રાજયમાં યોજાતી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગેની પધ્ધતિસરની તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે અને ટુંક સમયમાં રેવન્યુ તલાટીની બેચ પણ પ્રારંભ કરાનાર છે. ડૉ. શહેઝાદ કાઝી સ્પર્ધાત્મક પરીક્ષાઓ ક્ષેત્રે ૧૨ થી વધુ પુસ્તકો લખી ચુકયા છે અને નિષ્ણાંત લેખક હોવાની સાથે સાથે તેઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓના કોચીંગનો બહોળો અનુભવ છે. જે ઉમેદવારોને ઘણો ઉપયોગી સાબિત થઈ શકે તેમ છે. રાજયના લગભગ તમામ શહેરોમાં તેઓ ફેકલ્ટી તરીકેની સેવાઓ આપી ચુકયાં છે. ડૉ. કાઝી ગરીબ વિદ્યાર્થીઓને મફત ભણાવે છે તેમજ વિવિધ સમાજ દ્વારા યોજાતા કલાસીસમાં ભણાવવા માટે પણ કોઈ ફી લેતા નથી. ગાંધીનગરમાં તેમના કલાસીસ દ્વારા ઉમેદવારોને ઘણો ફાયદો થશે તેવું માનવામાં આવી રહ્યું છે.

# ખેડબ્રહ્મામાં વરસાદના વિરામ બાદ રોગચાળાએ માથુ ઉંચકયુ

## ઠેર ઠેર નગરજનો માંદગીમાં પટકાયા

ખેડબ્રહ્મા, તા. ૯

ખેડબ્રહ્મા શહેર તેમજ તાલુકામાં વરસાદના વિરામ બાદ રોગચાળાએ માથુ ઉંચક્યુ છે. આથી ઘરે ઘરે નગરજનો માંદગીમાં પટકાયા છે અને સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓની લાંબી કતારો જોવા મળે છે.

ખેડબ્રહ્મા શહેર તેમજ તાલુકામાં જુલાઈના અંતિમ અઠવાડિયામાં થયેલ ભારે વરસાદે ભારે તબાહી મચાવી હતી. વરસાદના પગલે શહેરભરમાં પાણી ભરાયાના અને વૃક્ષો ધરાશાયી થયાના બનાવો બનવા પામ્યા હતા. વરસાદના પાણી ભરાવાના લીધે ઠેર ઠેર કાદવ કિચડ થતા ગંદકીના ઢગલા થવા પામ્યા હતા. આથી રોગચાળાએ માથુ ઉંચક્યુ છે. નગરજનો માંદગીનો ભોગ બની રહ્યા છે. બિમારી ફેલાતા શરદી-ઉધરસ, તાવ, માથાનો દુ:ખાવો, ટાઈફોઈડ, મલેરીયા, ડેન્ગ્યુ, ઉલ્ટી વગેરેના દર્દીઓમાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે . છેલ્લા ૪ દિવસમાં તાલુકામાં ૧૫ ગંભીર ડેન્ગ્યુના કેસ નોંધાયા હતા. આથી નગરજનોમાં ફફડાટ ફેલાયો છે.

બિમારીએ માથુ ઉંચકતા સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓનો જમાવડો થયો છે. ત્યારે આરોગ્યતંત્ર સત્વરે કાર્યવાહી કરે તેવી માંગ ઉઠવા પામી છે. બીજી બાજુ નગરપાલિકાતંત્ર નીચાણવાળા વિસ્તારમાંથી ગંદકી દૂર કરી દવાનો છંટકાવ કરે તેવી ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

# કોંગ્રેસ હવે દેશના વિકાસને રોકવા પ્રયાસો કરી રહી છે

અમદાવાદ,તા. ૯

કેન્દ્રીય પર્યાવરણ અને વન્ય પ્રધાન પ્રકાશ જાવડેકરે આજે આક્ષેપ કરતા કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી સંસદની કામગીરી ચાલવાની મંજુરી આપીરહી નથી. કારણ કે આ સત્ર દરમિયાન જીએસટી બિલ પસાર થાય તેમ કોંગ્રેસ ઈચ્છતી નથી. જાવડેકરે આજે અમદાવાદમાં પત્રકાર પરિષદ યોજી હતી જે દરમિયાન કોંગ્રેસ ઉપર તેમણે ગંભીર આક્ષેપો કર્યા હતા. જાવડેકરે કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી દેશના વિકાસને રોકવાના પ્રયાસ કરી રહી છે. સંસદમાં મડાગાંઠની સ્થિતિ કોંગ્રેસ દ્વારા સર્જવામાં આવી રહી છે. જાવડેકરે એમ પણ કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી સંસદની કામગીરીને કેમ મંજુરી આપી રહી નથી તે પૈકીના મુખ્ય કારણો પૈકી એક કારણ એ છે કે, તેના નેતાઓ ભારતના વિકાસને રોકવા માંગે છે. કોંગ્રેસના નેતાઓ એવી ખાતરી કરવાના પ્રયાસ કરી રહ્યા છે કે જીએસટી બિલ મોનસુન સત્ર દરમિયન પસાર થઈ ન શકે. તેમણે કહ્યું હતું કે, જો આ બિલ વર્તમાન સત્ર દરમિયાન પસાર થશે નહીં તો તેને નવેમ્બરમાં રજૂ કરવામાં આવશે. જો આવું બનશે તો અમે પહેલી એપ્રિલ ૨૦૧૬થી તેને અમલી બનાવી શકીશું નહીં. જો જીએસટી અમલી બનશે તો અમે વધુ પ્રમાણમાં મૂડીરોકાણ મેળવી શકીશું. જીડીપી પણ બે ટકા સુધી વધી જશે. કોંગ્રેસ માને છે કે, જો આવું બનશે તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા વદી જશે. આ જ કારણસર કોંગ્રેસ પાર્ટી સંસદમાં મડાગાંઠ ઉભી કરવા પ્રયાસ કરી રહી છે. આ બિલ તેમના દ્વારા જ રજૂ કરવામાં આવ્યું હતું પરંતુ હવે તેઓ આ બિલને પસાર થાય તેમ ઈચ્છતા નથી. પ્રધાને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને ઉપપ્રમુખ રાહુલ ગાંધીની વિદેશમંત્રી સુષ્મા સ્વરાજના મુદ્દે ટિકા ટિપ્પણી કરવા બદલ ઝાટકણી કાઢી હતી. જાવડેકરે કહ્યું હતું કે, માતા અને પુત્ર બંને મળીને સુષ્મા સ્વરાજને ચોર તરીકે ગણાવી રહ્યા છે. આ પ્રકારના બનાવોથી પ્રતિષ્ઠાને નુકસાન થાય છે.

# અમદાવાદની મહારેલીમાં ૪૦ લાખ પાટીદાર જોડાશે

## ૨૫મી ઓગસ્ટે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે પાટીદારની રેલી : છેલ્લા એક મહિનામાં ૩૦થી વધુ રેલીઓ યોજાઈ

અમદાવાદમાં ૨૫મી ઓગસ્ટના દિવસે મેગાશક્તિપ્રદર્શન યોજાનાર છે જેમાં ૪૦ લાખ પાટીદાર ભેગા થવાના સંકેત મળી રહ્યા છે. ઓબીસી ક્વોટા હેઠળ આ સમુદાય દ્વારા અનામતની માંગ કરવામાં આવી છે. છેલ્લા એક મહિના ગાળામાં જ અનામતની માંગણીને લઈને ૩૦થી વધુ રેલીઓ યોજાઈ ચુકી છે. હવે ૨૫મી ઓગસ્ટના દિવસે અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે મેગા રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. ઓબીસી દરજ્જાની માંગણીને લઈને હજુ સુદી થયેલી રેલી પૈકીની સૌથી મોટી રેલી તરીકે આને જોવામાં આવે છે. પાટીદાર સમુદાયના નેતાઓનું કહેવું છે કે, આમા ૪૦ લાખ પાટીદારો ભેગા થઈ શકે છે. મંત્રણા માટે રાજ્ય સરકારની ઓફરની આંદોલનકારી નેતાઓએ પ્રશંસા કરી છે પરંતુ લેખિત આમંત્રણ મળશે તો જ વાતચીત કરવામાં આવશે. પાટીદાર આંદોલન કમિટિના કન્વીનર હાર્દિક પટેલનું કહેવું છે કે, શહેર પોલીસ કમિશનર, નવરંગપુરા અને વાડજ પોલીસ પાસેથી પરવાનગી માંગવામાં આવી છે. અમને આશા છે કે, પરવાનગી મળી જશે. પાટીદાર આંદોલન આગામી દિવસો વધુ તીવ્ર બને તેવા સ્પષ્ટ સંકેત દેખાઈ રહ્યા છે. ૨૫મીએ અમદાવાદમાં લાખો પટેલ ભેગા થઈને શક્તિપ્રદર્શન કરવા માટે તૈયારી કરી રહ્યા છે. પટેલોને અનામત મુદ્દે સરકાર સાથે અમે વાટાઘાટો કરવા તૈયાર હોવાનો સંકેત આગેવાનો દ્વારા આપી દેવામાં આવ્યો છે. અમારો કોઈની સામે વ્યક્તિગત વિરોધ નથી. અમારુ આંદોલન ચાલુ છે અને ચાલુ રહેશે. અમારી માંગણી પાટીદારોને ૨૭ ટકા ઓબીસીમાં સમાવવાની છે અને આ મામલે જ અમે સરકાર સાથે ચર્ચા કરીશું. આગેવાનોને આશા છે કે, સરકાર ૨૫મી પહેલા અમારી સાથે વાટાઘાટો કરશે તેમ છતાં ૨૫મીએ અમદાવાદમાં લાખો પાટીદારોનું શક્તિપ્રદર્શન યોજાશે. એના માટે અમે પોલીસ પાસે મંજુરી માંગવામાં આવી છે.



પાટીદાર સમુદાયની અમદાવાદમાં યોજાનારી વિશાળ રેલીને લઈને પહેલાથી જ તૈયારી કરવામાં આવી રહી છે. આ રેલી પહેલા જુદા જુદા આયોજન થઈ રહ્યા છે. આજે આ સંદર્ભમાં બાપુનગરમાં વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. બીજી બાજુ ઓબીસીમાં સમાવવાની માંગણીને લઈને આંદોલન તીવ્ર બનવાના સંકેત દેખાઈ રહ્યા છે. આવતીકાલે ૧૦મીએ ઉંઝામાં પણ જોરદાર આયોજન કરવામાં આવ્યું છે. આજે યોજાયેલી રેલીના કારણે બાપુનગરમાં ઘણી જગ્યાએ ટ્રાફિક જામની સ્થિતિ જોવા મળી હતી.

## વકીલ અધિકાર મંચ...

● ત્રીજા પાનાનું ચાલુ

આ તમામ સવાલોના જવાબ માટે તેમજ સંસ્થાના પારદર્શક વહીવટ, વકીલોના અધિકાર અને વિકાસ માટે સત્યનો અવાજ સંસ્થા અને સરકાર સુધી પહોંચાડવા 'ગુજરાત વકીલ અધિકાર મંચ' નામના સંગઠનની જાહેરાત કરી છે. જેનાથી સમગ્ર વકીલ આલમને પોતાના સત્યનો અવાજ પહોંચાડવા માટે એક માધ્યમ મળી રહેતું હોવાથી વકીલોમાં આનંદ અને હર્ષની લાગણી જોવા મળેલ છે. આગામી સમયમાં આ મેમ્બર દ્વારા સત્તાધારીઓએ ઉપર તમામ સવાલોના જવાબ આપવા તૈયાર રહેવું જોઈએ.

ગુજરાતના ૭૫૦૦૦ થી વધારે વકીલોને થતા અન્યાય સામે કરણસિંહ વાઘેલા, મુકેશ કામદાર, પરેશ વાઘેલા, અફઝલખાન પઠાણ અને વઝીરખાન પઠાણ વિગેરેએ વકીલોના હિત ખાતર ચૂંટણીનો બહિષ્કાર કર્યો હોવાનું પણ તેમણે જણાવ્યું છે.

## જવાન તૈનાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

હુડાને ટાંકીને અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, સરહદ પારથી ઘુસણખોરીની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્રણ મહિના પહેલા જ અંકુશરેખા ઉપર સુરક્ષા વ્યવસ્થા વધારવામાં આવી હતી. સેનાના આ પગલાને ઘુસણખોરીની સામે એક મોટા પગલા તરીકે જોવામાં આવે છે. લેફ્ટીનેન્ટ હુડાએ કહ્યું છે કે, કાશ્મીરના આંતરિક વિસ્તારોમાં ફરજ બજાવતા જવાનોને બોલાવીને અંકુશરેખા ઉપર તૈનાત કરી દીધા છે. જમ્મુ ક્ષેત્રમાંથી સૈનિકોની સંખ્યા ઘટાડવામાં આવી છે. સાથે સાથે સરહદ ઉપર વધારાના જવાનો ગોઠવવામાં આવ્યા છે.

## સંપૂર્ણ કબ્જો સોંપવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સદનનો કેટલોક હિસ્સો હાલ કોર્પોરેશન પાસે છે.

કોર્પોરેશનમાં મેયર અને ડે. મેયર સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનને જે જગ્યા કચેરી અને બેસવા માટે ફાળવવી જોઈએ તેટલી ફાળવી શકાઈ નથી તેમજ સ્ટાફને પણ બેસવાની પુરતી જગ્યા નથી તેથી સમગ્ર સંકુલની માંગણી આ સભામાં કરવામાં આવશે.

ગાંધીનગર મહાનગરપાલિકા આગામી એપ્રિલમાં તેના પ્રથમ પાંચ વર્ષ પૂર્ણ કરવામાં છે તે પૂર્વે આખા બિલ્ડીંગનો હવાલો તેને મળશે તે માટે બધાજ કાઉન્સીલરો આશાવાદી છે.

## દારૂ ઝડપાયો

● અનુસંધાન પહેલાનું ચાલુ

પટ પાસે જનતારેડ કરી હતી. બોરીજમાંથી દેશી દારૂની ફેક્ટરી કહી શકાય તેટલો દારૂ બનાવવા માટેની સામગ્રીનો જથ્થો જનતારેડમાં પકડાતા સરકારને જબરદસ્ત લપડાક પડી છે. બોરીજમાંથી કોંગ્રેસ કાર્યકરોએ બે-પાંચ નહી પરંતુ ૭૫ જેટલા દેશી દારૂ ગાળવા વપરાતા વૉશનો મસમોટો જથ્થો અને ગોળની થેલીઓ પણ મળી આવી હતી. જનતારેડ કરીને મહિલાઓએ દેશી દારૂનો વૉશનો જથ્થો શોધી શોધીને પકડ્યો હતો. દારૂનો વૉશ પકડીને જિલ્લા પોલીસ વડાને દહેગામ ધારાસભ્યએ ફોન કરીને સફળ જનતારેડ અંગે જાણ કરતાં પોલીસ પણ દોડતી થઈ ગઈ હતી. પોલીસે આ ગુનો દાખલ કરવા તજવીજ શરૂ કરી છે.

## પાણી પુરવઠો ખોરવાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સવારથી જ પાણી ન આવતા ગૃહિણીઓમાં કકળાટ પ્રવર્તયો હતો. સેકટરોમાં પાણીની પોકાર ઉઠવા પામી હતી. નવા સેકટરના રહિશોએ પાણી ન મળતા પારાવાર હાલાકી વેઠવી પડી હતી. બીજીતરફ તંત્રના પાણી વિભાગના અધિકારીઓમાં પણ દોડધામ થઈ ગઈ હતી. આખરે સવારે ૯ વાગે એક મોટરના આધારે ધીમા ફોર્સથી પાણીનો સપ્લાય આપવામાં આવ્યો હતો. મોડી સાંજ સુધી ફોલ્ટ શોધવાની મથામણ ચાલી રહી હતી. જો કામ પુરુ નહીં થાય તો આજે સે ૧ થી ૧૩માં ધીમા ફોર્સથી પાણી આવશે તેવા એંધાણ છે.

## સફાઈ બાબતે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગરના મુખ્યમાર્ગો ભલે એકદમ ચોખ્ખા અને સ્વચ્છ લાગતા હોય પરંતુ આંતરિક વિસ્તારોમાં ફેલાયેલી ગંદકી અને કચરો રાષ્ટ્રીય સર્વેમાં આંખે ચડી ગયો છે. કેન્દ્ર સરકારના મીનીસ્ટ્રી ઓફ અર્બન ડેવલપમેન્ટ દ્વારા સ્વચ્છતાના મુદ્દે ૪૭૬ શહેરોને અપાયેલા રેટીંગમાં ગુજરાતના પાટનગર ગાંધીનગરનો ક્રમાંક ૩૧૦મો રહ્યો છે. વધુ આઘાતની બાબત તો એ છે કે રાજ્યોના પાટનગરના વિભાગમાં ગાંધીનગરનો ક્રમ તળીયેથી પાંચમો રહ્યો હતો.

ગાંધીનગરને સ્માર્ટ સીટી, ટ્વીન સીટી, ગ્રીન સીટી બનાવવા માટે અને મોડેલરૂપ પાટનગર બનાવવા માટે રાજ્ય સરકારે ખુબ પ્રયત્નો કર્યા છે પરંતુ આ યોજનાઓ પાછળ ફાળવવામાં આવતા રૂપિયા નગરની સુવિધાઓ વધારવા પાછળ નહી પરંતુ અન્ય માર્ગે ખર્ચાઈ જતા હોય તેમ રાષ્ટ્રીય સ્તરે નામના મેળવી શકે તેવી સુવિધાઓ અને તે પ્રકારનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભુ થઈ શક્યુ નથી તે હકીકત આ સર્વેમાં સામે આવી ગઈ છે. સફાઈની જવાબદારી જેના સીરે છે તે મનપા તંત્ર પાસે પુરતી સંખ્યામાં સફાઈ કામદારો અને સાધનો નથી. કોન્ટ્રાક્ટ સીસ્ટમમાં અનેક છીંડાઓ છે. કેન્દ્ર સરકારના અર્બન ડેવલપમેન્ટ મંત્રાલયે ઘન કચરા અને મળોત્સર્જન વ્યવસ્થાપનના આધારે કરેલા સર્વેમાં દેશના ૪૭૬ શહેરોને રેન્કિંગ અપાયું છે. જેમાં અમદાવાદનો ક્રમ ૭૬મો અને ગાંધીનગરનો ક્રમ ૩૧૦મો છે. ૩૧ રાજ્યોના ૧ લાખથી વધુ વસતી ધરાવતા ૪૭૬ જેટલા શહેરોમાં સ્વચ્છતા બાબતે ઉંડાણપૂર્વકનો સર્વે કરવામાં આવ્યો છે. જેના આંકડા તાજેતરમાં જાહેર કરાયા છે.

## દબાણ વધ્યુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રવચનમાં કહ્યો હતો. આભારદર્શન માટે ઉભા થયેલા ગોવાના વિક્ટરે પણ આ મુદ્દો કહી દેશના તમામ રાજ્યોના મુખ્યમંત્રી, મંત્રીઓના પગારધોરણ એક સરખા હોવાની વાત કરી જરૂર પડ્યે બંધારણમાં સુધારો કરવાનું પણ કહ્યું હતું. બિહાર, કર્ણાટક, મધ્યપ્રદેશ, રાજસ્થાન, મિઝોરમ સહિત ૧૦થી વધુ રાજ્યોના પ્રતિનિધિઓ હાજર હતા. કર્ણાટકમાંથી ૪થી વધુ પ્રતિનિધિઓ આવ્યા હતા.

રાષ્ટ્રીય અધિવેશનમાં ગુજરાતના પૂર્વ ધારાસભ્યોને પેન્શન આપવાની ઉઠેલી વાતનો પ્રત્યુત્તર આપતાં રાજ્યના આરોગ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે તમારા બધાની લાગણી હું મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ અને મારા સાથીઓને પહોંચાડીશ તેમજ સરકાર ખુલ્લા મનથી આ વાત પર વિચારણા કરશે તેવી હૈયાધારણ આપતાં જણાવ્યું હતું કે સરકારે નિર્ણય કર્યો હતો ત્યારે ઉપવાસ આંદોલન છેડાયુ હતુ એ વિવાદમાં હું બહુ બોલવા નથી માંગતો.

ગુજરાત સરકારે હંમેશા સર્વસમાવેશક વિકાસને અગ્રતા આપી છે અને આપતી રહેશે. આજે પૂર્વ ધારાસભ્યોનું સન્માન તેમના પ્રદાન માટે થઈ રહ્યું છે ત્યારે અમારી સરકારે તો પંચાયતી રાજના પૂર્વ પદાધિકારીઓનું સન્માન કરી એક ડગલુ આગળનું ભર્યું છે. પ્રવચનમાં સ્વર્ણિમ જયંતિ સત્રનો પણ ઉલ્લેખ કરી પૂર્વ સભ્યો સાથેના સંસ્મરણોને વાગોળ્યા હતા. અધિવેશનમાં જયનારાયણભાઈ વ્યાસ, ડૉ. કરસનદાસ સોનેરી, ભોળાભાઈ પટેલ, રમણભાઈ વારોતરિયા, મહેશભાઈ મકવાણા, નૂરજહાંબાબી, ઉર્વશીદેવી, શ્રીમતિ ચંપાબેન પરમાર, ધીરૂભાઈ દૂધવાળા, ખોડાભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, અનિલભાઈ પટેલ, એ.કે. પટેલ (પાલનપુર) હાજર રહ્યા હતા.

## ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખાસ કરીને તામિલનાડુ તો નશાબંધીનો અમલ કરાવવા માટે થનગની રહ્યું છે પરંતુ નશાબંધીના કારણે ગુમાવવી પડતી આબકારી આવક ચિંતા છે. બિહારના ચીફ મિનિસ્ટર નિતીશ કુમારે રાજયમાં દારૂબંધી નિતીનો અમલ કરવાનું વચન આપ્યું છે. દેશમાં ગુજરાત જયારે બોમ્બે સ્ટેટ હતું ત્યારે ૧૯૪૮, ૧૯૫૦ અને ૧૯૫૮માં નશાબંધી નિતી અમલમાં મૂકવામાં આવી હતી. ગુજરાત અને મહારાષ્ટ્રમાં પ્રોહિબિશન એક્ટ ૧૯૪૯માં બનાવવામાં આવ્યો હતો, જો કે મહારાષ્ટ્રે તેનો અમલ કર્યો નહીં અને આજે તે સ્ટેટમાં દારૂની છૂટ છે. કેરાલાની ઓમન ચાંડીની સરકારે ૨૧મી ઓગષ્ટ ૨૦૧૪માં દારૂબંધીની નિતી લાગુ કરવાનો નિર્ણય કર્યો હતો. લક્ષ્યદ્વિપમાં તો આલ્કોહોલ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ છે. મણીપુર જેવું નાનું રાજય ૧૯૯૧થી પ્રોહિબિશનનો અમલ કરે છે, જયારે નાગાલેન્ડમાં ૧૯૮૯થી પ્રોહિબિશન એક્ટ છે. આંધ્રપ્રદેશમાં આંશિક પ્રતિબંધ છે. મિઝોરમમાં ૧૯૯૫થી લિકર પ્રોહિબિટેડ છે...

**પાટીદાર નામથી સરકાર ભડકે છે...**

ગુજરાતના પાટીદાર આંદોલન પાછળ કોંગ્રેસનો હાથ નથી એ સાચું છે. ભાજપની સરકારે અને પાર્ટીએ આંદોલનને તોડવાના અનેક પ્રયાસ કરી જોયા પણ નિષ્ફળતા મળી છે. કેન્દ્રીય પ્રધાન મોહન કુંડારિયાએ તો કહી દીધું કે પાટીદાર આંદોલન તો કોંગ્રેસ પ્રેરિત છે. એ વિધાનથી પાટીદાર આગેવાનો ભડક્યા છે. કોંગ્રેસે પણ પલટ વાર કર્યો અને કહ્યું કે પટેલો ક્યાં કોંગ્રેસને મત આપે છે... ભાજપના જ એક નેતા કહે છે કે વાત તો સાચી જ છે. અમારા લોકો જ આંદોલનને બળ આપે છે. ભાજપના પાટીદાર ધારાસભ્યો જાહેરમાં અનામતનો વિરોધ કરે છે પણ ખાનગીમાં આંદોલનના આગેવાનો સાથે છે.. રહેવું જ પડે, નહીં તો બહિષ્કાર શરૂ થઈ શકે છે. અમદાવાદમાં ૨૫મી ઓગષ્ટના રોજ ૪૦ લાખ જેટલા પાટીદારોની હાજરીમાં વિશાળ રેલી યોજાવાની છે ત્યારે સરકારની ચિંતામાં વધારો થયો છે. આટલી મોટી સંખ્યા ભેગી કરવાનો દાવો કરવાની હિંમત કોંગ્રેસના કોઈ નેતાની દેખાતી નથી. બીજી તરફ પાટીદાર નામથી સરકાર ભડકે છે...

**પાડોશી રાજ્યોનો દારૂ બંધ થવો જોઇએ ***

ગુજરાતમાં સંપૂર્ણ દારૂબંધી ત્યારે જ શક્ય બને કે જયારે ગુજરાતના પડોશી રાજયો ઉપર દારૂબંધીનો પ્રતિબંધ લાદવામાં આવે એવું એક બયાન હોમ ડિપાર્ટમેન્ટના સિનિયર ઓફિસરે કર્યું છે. તેમના કહેવા પ્રમાણે મહાત્મા ગાંધી એ માત્ર ગુજરાત જ નહીં સમગ્ર દેશના હતા, તો શા માટે ભારત સરકાર સંપૂર્ણ દેશમાં દારૂબંધી લાગુ કરી શકતી નથી. ગુજરાતમાં દારૂ બનતો નથી પણ પાડોશી રાજયોમાંથી પ્રવેશે છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ, પંજાબ, હરિયાણા અને મહારાષ્ટ્રથી ગુજરાતમાં પ્રતિદિન ઢગલો દારૂ ખડકાય છે. આ રાજયોમાં પ્રતિબંધ હોય તો ગુજરાતને પછી કોઈની ફિકર નથી. ભારત સરકારે દરમ્યાનગીરી કરીને આ રાજયોમાં દારૂબંધી લાગુ કરવી જોઈએ. જો તેમ નહીં થાય તો છૂપી રીતે ગુજરાતમાં રોજેરોજ દારૂ ઠલવાશે અને એટલો જ ચોરીછૂપીથી પિવાશે...

**ભાજપ કેશુભાઇનો ઉપયોગ કેમ ના કરે?! ***

ગુજરાતમાં પાટીદાર આંદોલન જોર પકડી રહ્યું છે અને સરકારની મૂંઝવણ સતત વધારતું રહ્યું છે. પાટીદારો પછી ક્ષત્રિય અને બ્રાહ્મણો મેદાનમાં આવ્યા છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીના સમયે શરૂ થયેલા આ આંદોલનને દબાવી દેવા માટે સરકાર ઉજાગરા કરી રહી છે પરંતુ પાર્ટીના સિનિયર મોસ્ટ નેતાઓનો ઉપયોગ કેમ કરતી નથી તે સમજાતું નથી તેવો એક સવાલ ભાજપના ધારાસભ્યએ કર્યો છે. તેમનું કહેવું છે કે ભૂતપૂર્વ ચીફ મિનિસ્ટર કેશુભાઈ પટેલ ભાજપમાં પાછા ફરેલા છે ત્યારે પાર્ટીએ તેમનો ઉપયોગ પટેલ આગેવાનોને સમજાવવા માટે કરવો જોઈએ. આજે પણ પાટીદારોનો એક એવો ચોક્કસ વર્ગ છે જેઓ કેશુભાઈના પડ્યા બોલ ઝિલી શકે છે. હવે તો કોંગ્રેસના દિગ્ગજ પટેલ નેતા વિઠ્ઠલ રાદડિયા પણ ભાજપમાં છે અને પટેલ આગેવાનોને સમજાવી શકે છે. સરકાર અને પાર્ટીએ આ બન્ને નેતાઓની મદદ લેવી જોઈએ...

**ગુજરાતમાં ફુડ સેફ્ટિ ટ્રિબ્યુનલ બની ખરી ...**

નૂડલ્સના પ્રતિબંધ પછી ગુજરાતમાં ફુડ સેફ્ટિ એપેલેટ ટ્રિબ્યુનલની રચના કરવામાં આવી છે જે ફુડ સેફ્ટિ મેટર સાથે જોડાયેલા કેસોની મેટરને તપાસશે. ભારતમાં એવા ઓછા રાજયો છે કે જયાં આ પ્રકરાની ટ્રિબ્યુનલ રચાયેલી છે. અત્યાર સુધી દિલ્હી, મહારાષ્ટ્ર, કર્ણાટક અને છત્તીસગઢ રાજય તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશ આંદામાનનિકોબાર અને ચંદીગઢમાં એપેલેટ ટ્રિબ્યુનલ સ્થપાયેલી છે. ફુડ એન્ડ ડ્રગ્સ કન્ટ્રોલ એડમિનિસ્ટ્રેશનના આદેશ પછી પણ દેશના મોટાભાગના રાજયોમાં ટ્રિબ્યુનલની રચના થયેલી નથી. જો કે ગુજરાતે આ પ્રક્રિયા પૂર્ણ કરી છે. કહેવાય છે કે ફુડ સેફ્ટિના કાયદા પછી ગુજરાતમાં આ વિભાગ પાસે સ્ટાફની અછત છે. હાલ જે સ્ટાફ છે તેમાં કેટલાક કરપ્ટ ઓફિસરો છે જેના કારણે ફુડના સેમ્પલમાં ગોટાળા થયાનું પણ બહાર આવેલું છે. કેટલાક કરપ્ટ ફુડ ઈન્સ્પેક્ટરો માટે તો જાણે કે નોટ છાપવાનું મશીન બની ગયું છે. સરકારે આ વિભાગ માટે સતત ચેકિંગ અને સ્ટાફની અછત બાબતે ધ્યાન આપવાની જરૂરિયાત ઉભી થઈ છે...

**પીએનજી જોડાણમાં ગુજરાત અગ્રેસર ...**

ગુજરાતમાં ૧૪ લાખ પીએનજી ગ્રાહકો થઈ ચૂક્યા છે જે સમગ્ર દેશમાં પીએનજી ઘરેલું વપરાશકર્તાના ૫૦ ટકા થી વધારે છે. ગુજરાત પીએનજીમાં અગ્રણી રાજય બન્યું છે. એટલે કે ગેસના બાટલાનો એટલો વપરાશ ઓછો થયો છે અને કેન્દ્ર સરકારને સબસીડીમાં બચત થઈ છે. ઉર્જાપ્રધાન સૌરભ પટેલના જણાવ્યા પ્રમાણે રાજયના ૧૯ જિલ્લામાં ૧૦.૨૭ લાખ કરતાં વધુ ઘરોમાં પાઈપલાઈનથી ગેસ પૂરો પાડવામાં આવે છે, જેની સાથે રાજયમાં ૨૩૫ જેટલા સીએનજી સ્ટેશનો છે જેનાથી રાજયભરના દોઢ લાખ જેટલા વાહનો સીએનજીમાં દોડે છે. તાજેતરમાં જ એક સર્વેક્ષણ એવું હતું કે ડિઝલ કરતાં સીએનજી વાહનોમાં પ્રદૂષણની માત્રા વધારે જોવા મળે છે. જો આ સાચુ હોય તો સરકારે વાહનો માટે નવો વિકલ્પ શોધવો રહ્યો, કારણ કે સીએનજી સસ્તો મળે છે પણ પ્રદૂષણ ફેલાવતો હોય તો તે જીવન માટે મોંઘો સાબિત થઈ શકે છે. પાઈપલાઈન ગેસનું નેટવર્ક બરાબર છે, કારણ કે તેનાથી પ્રદૂષણ થતું નથી અને ઘરેલું તેમજ ઔદ્યોગિક ગ્રાહકોના બળતણ હેતુ માટે તદ્દન કિફાયતી તેમજ સરળ માધ્યમ છે...

**મુંબઇમાં પાનના ગલ્લા શોધવા પડે છે ***

જાહેરમાં ધુમ્રપાન એ ગુનો છે. ગુટખા ખાવા પર પાબંધી છે તેમ છતાં ગુજરાતમાં આ બન્ને ચીજોનું ચલણ જરા પણ ઓછું થયું નથી. જયાંથી કાયદા બને છે તે સચિવાલયમાં તો છૂટથી આ બધી ચીજવસ્તુઓ મળે છે. ગુજરાતમાં પાનબીડીના જેટલા સેન્ટરો હશે તેટલા બીજા કોઈ રાજયમાં કદાચ નહીં હોય... સચિવાલયની ફરતે જ નાનામોટા મળીને ૧૫૦ જેટલા વ્યસન સેન્ટરો મોજૂદ છે. મુંબઈના હાર્ટ વિસ્તારમાં તમે ફરતા હોવ તો તમને બેત્રણ કિલોમીટર સુધી પાનનો એકપણ ગલ્લો જોવા મળતો નથી. નવી દિલ્હીમાં પણ આસાનીથી મળી શકતો નથી જેની સામે અમદાવાદ, રાજકોટ, સુરત કે વડોદરામાં ૧૫ ડગલા ચાલો ત્યારે પાન સેન્ટર સામે આવે છે. આવું કેમ...?! શું રાજય સરકાર પાસે હેલ્થ અને પોલીસનો મેનપાવર નથી કે જે ધ્યાન રાખી શકે કે જાહેરમાં ધુમ્રપાન કરતી વ્યક્તિને પકડી શકે... આજે તો સ્કૂલો અને કોલેજોની પેરિફેરીમાં વ્યસન સેન્ટરો પાસે યુવાનોની ભીડ ઉમટી પડે છે. આપણા ગુજરાતના શહેરોમાં મુંબઈ કે દિલ્હી જેવી સ્થિતિ આવે તો વ્યસનની બદીમાં હોમાતું આપણું યુવાધન અટકી શકે છે...

**બોર્ડર પર વિનાશક ભૂકંપ આવી શકે છે ***

ભવિષ્યમાં પશ્ચિમ નેપાળ અને ઉત્તર ભારતમાં જોરદાર ભૂકંપ આવવાની સંભાવના છે તેવી આગાહી વૈજ્ઞાનિકો કરી રહ્યા છે. નેપાળમાં આવેલા ૭.૮ રિક્ટર સ્કેલની તીવ્રતાના ભૂકંપ અંગે તપાસ કરી રહેલા વૈજ્ઞાનિકોનું માનવું છે કે નેપાળભારતની ફોલ્ટલાઈન ડિસ્ટર્બ છે. બ્રિટનની યુનિવર્સિટી ઓફ કેમ્બ્રીજના પ્રોફેસર જિન ફિલિપ ઓવુકે કહ્યું છે કે આ સ્થળે ખૂબ ધ્યાન આપવાની જરૂર છે. આ ફોલ્ટલાઈન પર બીજો આવનારો ભૂકંપ વિનાશ નોંતરી શકે છે. સંશોધન અનુસાર એવું તારણ બહાર આવ્યું છે કે હિમાલયમાં થઈ રહેલા ભૌગોલિક ફેરફારોના કારણે ભૂકંપ આવે છે. હિમાલય સાથે જોડાયેલી આ ફોલ્ટલાઈનો બહુ મોટો હિસ્સો ભારતની જમીન નીચે છે અને તે લોક થઈ ગયો છે, જે ભૂકંપ નોંતરવા સક્ષમ છે...

**ગિફ્ટેની ચોતરફ રેસિડેન્સીની સ્કીમો ***

પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ ટેક સિટી ગિફ્ટની ચોતરફ રસિડેન્સીની ઢગલાબંધ સ્કીમો ખડકી દેવામાં આવી છે. આ સિટીના કેવા કેવા લાભ છે તે સાથેના બ્રોશરો છપાવીને ગુજરાત અને મુંબઈના બિલ્ડરો મેદાનમાં ઉતર્યા છે. ગિફ્ટ સિટીને કેન્દ્ર સરકારે દેશનું પ્રથમ સ્માર્ટ સિટી જાહેર કરતાની સાથે જ જમીન ખરીદી પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે અને પ્લોટીંગ કરીને બંગલા અને ફ્લેટ્સની સ્કીમો મૂકવામાં આવી છે. ગાંધીનગરના રિયલ એસ્ટેટમાં એક નવો જંપ આવ્યો છે. પ્રાઈઝની હોડ પણ છે. સસ્તા આવાસો કોણ તૈયાર કરે છે તેના ઉપર ખરીદનારા વર્ગની નજર છે. લોભામણી સ્કીમો સાથે જ અગ્રણી બેન્કોએ સરળ અને ઝડપી લોન આપવા તેમના એજન્ટોને છૂટા મૂકી દીધા છે. એવું લાગી રહ્યું છે કે ગાંધીનગર અને અમદાવાદની વચ્ચે એક નવું સિટી ઉદય પામી રહ્યું છે...

## પારિજાત (પાના નં. ચોથાનું ચાલું...)

આવું જ કંઈક દરેક યુવતીના કિસ્સામાં બને છે. વધતે-ઓછે અંશે દરેક યુવતીના મનના એક ખૂણામાં બાળપણ, મસ્તી, ચંચળતા છુપાયેલાં જ હોય છે. ઘરે પોતાનો મનગમતો ખૂણો શોધી બાલિશ લાગતી રમત હોંશે-હોંશે રમ્યા કરે છે. તેમ છતાં હવે પોતે યુવાન થઈ ગઈ હોવાથી સાસરીમાં ધીમે-ધીમે ગોઠવાય છે. પતિ ગમવા લાગે છે. સાસુ-સસરા-નણંદ-દિયર પોતાનાં જ લાગે છે. સૌની સાથે હળીમળીને દિવસો પસાર થતા જાય છે.

અને તોયે, કયારેક પતિ સાથે બેસીને પોતે હિંચકે ઝૂલતી હોય ત્યારે યાદ આવે છે. ઢીંગલા-ઢીંગલીની રમત, પાંચીકા, મખમલની થેલી, પિયરના ઘરનો મનગમતો ખૂણો, મમ્મી સાથે જીદ કરીને બનાવડાવેલી મનપસંદ વાનગી અને કંઈ કેટલુંયે... અને ત્યારે એ પોતે પણ મનોમન બોલી ઊઠે છે.

"અબ કે બરસ ભેજો ભૈયા કો બાબુલ, સાવનમેં લિજો બુલાય રે,
લૌટેગી જબ મેરે બચપન કી સખિયાં, દેજો સંદેશા ભિજાય રે..."